

સોક્રેટીસ - ગુજરાતી ભાષાના મુર્ધન્ય સર્જક સદ્‌ગત મનુભાઈ પંચોળી 'દર્શક'ની ક્લાસીક નવલકથા 'સોક્રેટીસ' પર આધારિત નાટક 'કશુંક ભાળી ગયેલો માણસ' ગાંધીનગર ટાઉનહોલમાં 'દર્શક'ના જન્મદિને રજૂ કરી ભવ્ય અંજલિ અપાઈ હતી... ગાંધીનગર કલ્ચરલ ફોરમ અને યુવા સાંસ્કૃતિક વિભાગના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ અભિનવ નાટ્ય પ્રયોગ માણવા કલારસિકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. (તસવીર : કશ્યપ નિમાવત)

# શાળા કોલેજોમાં ૨૦ ઓકટોબરથી ૨૧ દિવસનું દિવાળી વેકેશન

## પરીક્ષા બાદ દિવાળી વેકેશનને લઈ વિદ્યાર્થીઓમાં ઉત્સાહ

ગાંધીનગર, તા.૧૬

શાળા-કોલેજોમાં આગામી તા. ૨૦ ઓકટોબરથી ૨૧ દિવસીય દિવાળી વેકેશન શરૂ થશે. જો કે તા. ૧૯મીએ રવિવાર હોવાથી ૧૮મીએ પ્રથમ તબક્કાના શૈક્ષણિક સત્રનો અંતિમ દિવસ હશે.

સામાજિક જન જીવનમાં પ્રકાશ પાથરતા દિવાળી પર્વનું કાઉન્ટડાઉન શરુ થઈ ગયું છે. દિવાળી પર્વની ઉજવણી માટે નગરજનો ઉત્સુક બન્યા છે જયારે પ્રકાશ પર્વને વધાવવા પણ તડામાર તૈયારીઓ ચાલી રહી છે. દિવાળી દરમિયાન પ્રવાસનું પણ વિશેષ રૂપે આયોજન થયું હોવાથી મોટા ભાગના પરિવારજનો ટૂર ઉપર જવાની તૈયારીમાં છે. શહેરની શાળા કોલેજોમાં પણ પરીક્ષાના અંતે હવે દિવાળી વેકેશનની ઘડીઓ ગણાઈ રહી છે. દિવાળી વેકેશન માણવા વિદ્યાર્થીઓમાં પણ વિશેષ ઉત્સુકતા જોવા મળે છે. નગરની શાળા કોલેજોમાં આગામી તા. ૨૦ ઓકટોબરથી દિવાળી વેકેશનનો પ્રારંભ થશે. જો કે તા. ૧૯મીએ રવિવાર હોવાથી રજાના હીસાબે તા. ૧૮મીને શનિવારના રોજ શૈક્ષણિક કાર્ય પૂર્ણ થયા બાદ વેકેશન શરૂ થઈ જશે. તા. ૨૦ ઓકટોબરથી આગામી તા. ૯ નવેમ્બર સુધી દિવાળી વેકેશન જાહેર કરવામાં આવ્યુ છે. જેના પરિણામે શાળા કોલેજોમાં પણ દિવાળીની રજાઓના લીધે સન્નાટો જોવા મળશે. પરીક્ષા બાદ દિવાળી વેકેશન માણતા વિદ્યાર્થીઓમાં પણ હર્ષની લાગણી વ્યાપી છે.

# આ દિવાળીએ ડીઝાઈનર દિવડા ઝળહળી ઉઠશે

## હવે દિવડાનો સેટ આકર્ષક રીતે પેક કરીને એકબીજાને ગીફ્ટ આપવાનો નવો ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે : તેલના બદલે મીણ સાથેના તુરંત પેટાવી શકાય તેવા દિવા બજારમાં ઉપલબ્ધ

ગાંધીનગર, તા. ૧૫

હિન્દુ સંસ્કૃતિમાં આસો માસની અમાસે અંધકારને દૂર કરી પ્રકાશ રેલાવતા અદ્‌ભૂત પર્વ દિવાળીની ઉજવણી



(તસવીર : દિપક જાની)

કરવામાં આવે છે. ભગવાન રામચંદ્રએ અસત્ય અને આસુરી શક્તિ સામે વિજય મેળવી સત્ય અને નિષ્ઠાના ગુણો સાથે ચૌદ વર્ષના વનવાસ પછી ફરીથી અયોધ્યામાં પગ મુક્યો ત્યારે અયોધ્યાવાસીઓએ પોતાના ઘરે દિવડાં પ્રગટાવી તેમનું સ્વાગત કર્યું હતુ ત્યારથી આજ દિન સુધી દિવાળી પર્વ ઉજવાતુ આવ્યું છે. ગાંધીનગરમાં પણ નગરજનો દર વર્ષે હર્ષોલ્લાસથી દિવાળી નિમિત્તે દિપ પ્રગટાવી એકબીજાને મીઠાઈઓ ખવડાવી આ પર્વને ઉજવે છે પરંતુ અત્યારના આધુનિક સમયમાં દિવાળીની ઉજવણી પણ બદલાઈ જવા પામી છે.

દિપાવલીની ઉજવણીમાં દિપનું મહત્વ કેન્દ્ર સ્થાને હોય તેમાં કોઈ બે મત નથી. પહેલા પરંપરાગત રીતે બનાવવામાં આવતા માટીના સાદા કોડિયામાં એરંડિયુ કે તેલ પુરીને રૂ ની દિવેટ દ્વારા દિવા પ્રગટાવવામાં આવતા હતા. ધીરે ધીરે હવે આ પરંપરાગત લાલ કોડિયાનું સ્થાન ડીઝાઈનર દિવડાએ લઈ લુધી છે. જેમાં માટીની જગ્યાએ સિરામિક અને પ્લાસ્ટર ઓફ પેરિસ વગેરેનો ઉપયોગ થવા લાગ્યો છે. આ ઉપરાંત હવે આ દિવડાઓ માત્ર ગોળ રહ્યા નથી પરંતુ તેમના આકાર અને કદ અનેકવિધ રીતે બદલાયાં છે. જેમાં સાથીયા, ષષ્યકોણ, ત્રિકોણ, લંબગોળ, પર્ણાકાર, શંખાકાર, ઝીગ-ઝેગ તેમજ એક સાથે પાંચ કે સાત દિવા સાથે હોય તેવી ડીઝાઈનો બજારમાં મળી રહી છે તે પણ વિવિધ રંગોમાં. આ ઉપરાંત વુડન કટીંગના વિવિધ આકારની જેમ કે સાથીયો, ઓમ, ત્રિશુલ કે રંગોળીની ડીઝાઈનવાળી પ્લેટો પર આભલા અને નંગ વગેરે શણગારીને દિવડાં લગાડેલા હોય તેવી તૈયાર દિપમાળાની પણ બજારમાં સારી એવી માંગ ઉભી થયેલ છે. બજારમાં આ ઉપરાંત પાણીમાં તરી શકે તેવા, વિવિધ આકારના સ્ટેન્ડવાળા અને ઝુમ્મરની જેમ લટકાવી શકાય તેવા દિવા સ્ટેન્ડ પણ મળી રહ્યા છે. જે ઘણા લોકપ્રિય બન્યા છે. આ રેડીમેઈડ દીવાઓમાં મીણ અને તેની વચ્ચે વાટ પણ પહેલેથી જ લગાડેલી હોય છે જેથી રોજ રોજ તેમાં દિવેલ કે તેલ પુરવાની ઝંઝટમાંથી પણ મુક્તિ મળે છે.



(તસવીર : કશ્યપ નિમાવત)

છેલ્લા બે-ત્રણ વર્ષથી નગરજનોમાં એક નવો ટ્રેન્ડ પણ જોવા મળી રહ્યા છે. જેમાં એકબીજાને નજીકના મિત્રો દ્વારા અથવા દિવાળી ટાણે આવતી બર્થડેમાં આવા ડીઝાઈનર દિવડાનો સેટ આકર્ષક પેકીંગ કરીને ગીફટ આપવામાં આવે છે. કેટલીક કોર્પોરેટ કંપનીઓ દ્વારા પણ તેના કર્મચારીઓને આ પ્રકારના દિવાઓ ગીફટ આપવાની પ્રથા ચાલુ કરવામાં આવી છે. દિવાળીએ જુની ધૂળ ખંખેરીને સ્વચ્છ થવાનો તેમજ જુના હિસાબો પુરા કરીને નવેસરથી પ્રારંભ કરવાનો પણ તહેવાર છે. આ તહેવાર માત્ર બે-પાંચ દિવસ નહી પરંતુ લગભગ એક મહિના સુધી ચાલતો હોય છે જેમાં લોકો એકબીજાના ઘરે જઈને શુભેચ્છાઓની આપ-લે કરે છે અને મો મીઠું કરાવે છે. પરંતુ દિવાળીના પાંચ-સાત દિવસ તો દિપ પ્રગટાવીને જે ઉજાસ કરવામાં આવે છે તેના થતી અસત્યના અંધકારથી સત્ય અને સમૃદ્ધિના ઉજાસ દ્વારા નવપલ્લવિત થવાના ઉત્સવને જ દિવાળી કહેવામાં આવે છે.

# સેક્ટર-૧ ના તળાવની ફૂડકોર્ટ માટે ટેન્ડર પ્રક્રીયાથી હરાજી

## ભાડાનો ઉંચો દર ચુકવનારને દુકાનો ફળવાશે

ગાંધીનગર, તા. ૧૬

સે. ૧ ના નવવિકસિત તળાવને અનુલક્ષી ફૂડકોર્ટ તૈયાર કરી દેવાઈ છે. જ્યારે અંદાજિત ૨૪ લાખના ખર્ચે તૈયાર થયેલી ફૂડકોર્ટની દુકાનો ફાળવવા ટુંકમાં ઓનલાઈન ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવશે. ઉંચા ભાડાના દરને ધ્યાને લઈ દુકાનોની ફાળવણી કરવામાં આવશે.

સે. ૧ માં સ્થિત તળાવને પિકનીક સ્પોટ બનાવવા પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. તળાવ નિર્માણ બાદ આસપાસના વિસ્તારમાં હરિયાળા બગીચાનું નિર્માણ કરવામાં આવ્યું છે. જ્યારે બગીચાની સુંદરતામાં વધારો કરવા પ્લાન્ટેશન કરી આ વિસ્તારને વધુ રમણીય બનાવાયો છે. પરંતુ વર્ષોના અંતે પણ સે. ૧ ના તળાવને પીકનિક સ્પોટ બનાવવાનું સ્વપ્ન હજી સાકાર થયું નથી. જો કે તંત્ર દ્વારા તળાવને અનુલક્ષી ફૂડકોર્ટ તૈયાર કરી દેવાઈ છે. ફૂડકોર્ટની પાંચ દુકાનોને ભાડાપેટે ફાળવવા માટે ટુંકમાં તંત્ર દ્વારા ટેન્ડર પ્રક્રિયાથી હરાજી કરવામાં આવશે. ફૂડકોર્ટ તૈયાર થયા બાદ લાંબા સમયના અંતે દુકાનો ભાડાપેટે ફાળવવા તંત્ર હરકતમાં આવ્યું છે. ફૂડકોર્ટની દુકાનો ફાળવી દેવાયા બાદ સહેલાણીઓને સ્થળ પરથી ખાણી-પીણીની સુવિધા મળી રહેશે. સે. ૧ ના તળાવને અનુલક્ષી શરૂઆતના તબક્કાથી જ કામ વિલંબમાં પડ્યુ હતુ. જેના પરિણામે તળાવ વિકાસની યોજનાનું કામ વર્ષોના અંતે પૂર્ણ થઈ શક્યુ નથી. ત્યારે ફૂડકોર્ટની ફાળવણીની પ્રક્રીયા ઝડપભેર હાથ ધરાય તેવી લાગણી પણ પ્રબળ બની છે.

પાંચમી વાર્ષિક પુણ્યતિથિએ
શ્રદ્ધાંજલિ



સ્વ. હીરાભાઇ ગોવાભાઈ ખિમસુરીયા
સ્વ.તા. ૧૭-૧૦-૨૦૦૯
સમય જીંદગીનો ઓછો હશે એ કયાં ખબર હતી? વિદાય તમારી અણધારી હશે એ કયાં ખબર હતી? આપની ધર્મનિષ્ઠા, કર્મનિષ્ઠા, પરોપકારી ભાવના, કૌટુંબિક વાત્સલ્ય, પ્રેમાળ સ્વભાવ અમારા સૌની સ્મૃતિમાં સદાય બની રહેશે. પરમાત્મા આપના દિવ્ય આત્માને ચિર શાંતિ અર્પે એજ પ્રાર્થના...
જયરામ એચ. ખિમસુરીયા
દિનેશ એચ. ખિમસુરીયા
ખિમજી એચ. ખિમસુરીયા
સમસ્ત ખિમસુરીયા પરીવાર
ફર્મ : ખિમસુરીયા કન્સ્ટ્રક્શન, ગાંધીનગર.



ફૂટપાથ - ગાંધીનગરના ખ-માર્ગ પર ફૂટપાથ નિર્માણનું કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે... ફૂટપાથ બનતાની સાથે માર્ગના રૂપરંગ બદલાય છે... ચ-માર્ગ અને ઘ-માર્ગની જેમ હવે ખ-માર્ગ પણ ડસ્ટ-ફ્રી માર્ગ બનશે... (તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧




Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com